# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૪/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ટેકસટાઇલ એસેસરીઝનું ટેકસટાઇલ મિનિસ્ટ્રીમાં રજિસ્ટ્રેશન કરવા, સ્ટેન્ડ અપ ઇન્ડિયાના પેન્ડીંગ કેસોનું નિરાકરણ લાવવા તેમજ એમ્બ્રોઇડરી અને શીફલી મશીન ઉપર વર્ષ ૨૦૧૬થી સબસિડી લાગુ કરવા ટેકસટાઇલ કમિશનરને વિડિયો કોન્ફરન્સ થકી રજૂઆત કરાઇ

**ટેકસટાઇલ કમિશનર ઓફિસ દ્વારા A-TUFSના પડતર પ્રશ્નોના મુદ્દે ચેમ્બર સાથે મિટીંગ યોજાઇ**

**સુરત.** ભારત સરકારના ટેકસટાઇલ મંત્રાલયના નેજા હેઠળ કામ કરતી ટેકસટાઇલ કમિશનર ઓફિસ દ્વારા આજરોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સાથે A-TUFSના પડતર પ્રશ્નોના મુદ્દે ઓનલાઇન મિટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતી, ચેમ્બરની ગર્વમેન્ટ સ્કીમ કમિટીના ચેરમેન સીએ રાજીવ કપાસિયાવાલા, બેંકના અધિકારીઓ અને ટેકસટાઇલ મશીનરીના આયાતકારો જોડાયા હતા. આ મિટીગમાં ટેકસટાઇલ કમિશનર ઓફિસના અધિકારીઓ સમક્ષ ટેકસટાઇલ સંબંધિત પડતર પ્રશ્નોના મામલે વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી.

ટેકસટાઇલ મશીનરીની જેમ ટેકસટાઇલ એસેસરીઝનું પણ ટેકસટાઇલ મિનિસ્ટ્રીમાં રજિસ્ટ્રેશન કરવા માટે રજૂઆત કરાઇ હતી. વર્ષ ૨૦૧૯થી સ્ટેન્ડ અપ ઇન્ડિયાના જે કેસો પેન્ડીગ છે તેના નિરાકરણ માટે રજૂઆત કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ સ્ટેન્ડ અપ ઇન્ડિયાના કેસોના નિકાલ માટે રૂપિયા ૧૧.૯૨ કરોડનું જે ફંડ હતું તે પૂરું થઇ ગયું છે. આથી હવે રૂપિયા ૯૩ કરોડના ફંડની માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત એમ્બ્રોઇડરી અને શીફલી મશીન ઉપર વર્ષ ૨૦૧૬થી સબસિડી લાગુ કરવા માટે રજૂઆત

કરાઇ હતી. વર્ષ ૨૦૧૯ પછી સમય મર્યાદાને કારણે A-TUFSના જે કેસો રહી ગયા છે એના માટે વન ટાઇમ કોન્ડોનેશન માટે માંગ કરવામાં આવી હતી.

ઉપરોકત રજૂઆતો વિશે જોઇન્ટ કમિશનર ઓફ ટેકસટાઇલ એસ.પી. વર્મા તથા અન્ય અધિકારીઓ તરફથી ખૂબ જ સકારાત્મક પ્રતિભાવ મળ્યો હતો. તમામ રજૂઆતો મુદ્દે ટૂંક જ સમયમાં નિરાકરણ લાવવામાં આવશે તેવી બાંયધરી તેઓના તરફથી આપવામાં આવી હતી.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ સ્વાગત પ્રવચન કરી સુરતમાં વોટરજેટ ઉદ્યોગને નડતી CETPની સમસ્યા અંગે આવેલા નિવારણ વિશે ટેકસટાઇલ કમિશનર ઓફિસના અધિકારીઓને માહિતગાર કર્યા હતા. તદ્દુપરાંત ચેમ્બર દ્વારા આગામી દિવસોમાં યોજાનારા વીવનીટ એકઝીબીશન વિશે માહિતી આપી તેઓને સુરત આવવા માટે આમંત્રણ આપ્યું હતું.